# <u>શત શત વંદન સ્વીકારજો !</u>

હે સાહેબદાદા ! હે વ્હાલાદાદા ! શત શત વંદન સ્વીકારજો !
હે અશ્વિનદાદા ! હે શાંતિદાદા ! ભાવ નમન સ્વીકારજો !

સ્નેહ નીતરતું સ્વરૂપ આપનું, વાત્સલ્ય અનેરું વહાવતું,
ઊગતી પ્રભાએ દર્શન દઈને, ધન્ય ધન્ય બનાવતું;
હે સાહેબદાદા ! હે વ્હાલાદાદા ! આશીર્દાન વહાવજો !
હે અશ્વિનદાદા ! હે શાંતિદાદા ! આશીર્દાન વહાવજો !

ચૈતન્યશિલ્પી મંદિર ઘડીને, સાહેબજી પધરાવિયા,
ઉપાસનાની સમજણ આપી, સ્વરૂપમાં સમાવિયા;
હે સાહેબદાદા ! હે વ્હાલાદાદા ! દાસના દાસ બનાવજો !
હે અશ્વિનદાદા ! હે શાંતિદાદા ! દાસના દાસ બનાવજો !

સ્મૃતિ પળપળ કરીને આપની, સાહેબજીને ધારીએ,
રૂડા પ્રગટને ભજી ભજીને, ભવસાગરને તારીએ;
હે સાહેબદાદા ! હે વ્હાલાદાદા ! જીવનપથ ઉજાળજો !
હે અશ્વિનદાદા ! હે શાંતિદાદા ! જીવનપથ ઉજાળજો !